સવાલ સાથે
જવાબ પેપર



**પ્ર.:૧ સામાયિક-પ્રતિક્રમણના આધારે જવાબ લખો : ૧૫**

૧) મનના છેલ્લા બે અને વચનનો પાંચમો, છઠ્ઠો દોષ લખો. **(૨)**

**જ:** ૧) મનના છેલ્લા બે દોષ :- અવિનય, અબહુમાન
વચનનો પાંચમો દોષ :- કલહ અને છઠ્ઠો દોષ - વિકથા છે.

૨) શક્રસ્તવ અને પ્રણિપાત સૂત્ર એટલે શું તે જણાવો. **(૨)**
આ શબ્દો કયા પાઠ માટે વપરાયા છે ?

**જ:** ૨) શક્રસ્તવ - સામાયિકના ૭ મા પાઠ માટે વપરાય છે. શકેન્દ્ર આદિ જિનેશ્વર દેવની સ્તુતિ કરે ત્યારે આ પાઠ બોલે છે તેથી તેને શક્રસ્તવ કહે છે. આ જ પાઠને એટલે કે નમોત્થુણંના પાઠને પ્રણિયાત સૂત્ર પણ કહે છે. પ્રણિયાત એટલે વિશેષ નમસ્કાર.

૩) દ્વાદશાંગી એટલે શું ? દ્વાદશાંગી મોટી કે ૧૪ પૂર્વનું જ્ઞાન મોટું તે કારણ સહિત સમજાવો. **(૨)**

**જ:** ૩) દ્વાદશાંગી એટલે ૧૨ સૂત્રોનું સંકલન. દ્વાદશાંગી મોટી કારણ કે ૧૪ પૂર્વ એ ૧૨માં દૃષ્ટિવાદ સૂત્રનો એક ભાગ છે, ફકત ૧૨મા સૂત્રનો જ એક ભાગ છે.

૪) નિરયાવલિકા સૂત્રમાં શેનું વર્ણન છે ? **(૨)**

**જ:** ૪) નિરયાવલિકા સૂત્રમાં કુણિક રાજાનો પોતાના ભાઈ હલવિહલ તથા ચેડારાજા સાથે થયેલા રથમુસલ સંગ્રામ તથા યુધ્ધના પરિણામે જીવ નરક આદિ દુર્ગતિમાં ઉપજ્યા તેનું વર્ણન છે.

૫) કઈ કઈ અસજ્જાય જ્યોતિષી દેવોને લગતી છે ? તે દરેકનો સમય લખો. **(૪)**

**જ:** ૫) જ્યોતિષી દેવોને લગતી ૪ અસજ્જાય છે.
૧) ઉલ્કાપાત - તારો આકાશથી ખરે તે; તેનો સમય - ૧ પ્રહર સુધી
૨) યૂપક - બાલચંદ્રની - શુક્લપક્ષ રાત્રિની - પ્રથમ પ્રહરની
૩) ચંદ્રોપરાગ - ચંદ્રગ્રહણની - ખંડ ગ્રહણ ૮ પ્રહર, પૂર્ણગ્રહણ ૧૨ પ્રહરની
૪) સૂર્યોપરાગ - સૂર્યગ્રહણની - ખંડ ગ્રહણ ૧૨ પ્રહર, પૂર્ણગ્રહણ ૧૬ પ્રહરની

૬) કાલિક સૂત્રો કોન કહેવાય ? તે કેટલા છે ? **(૨)**

**જ:** ૬) જે સૂત્રોનો સ્વાધ્યાય રાત્રિના અને દિવસના પ્રથમ અને ચોથા પ્રહરે એમ ચાર પ્રહર ૩૨ અસજ્ઝાય ટાળીને કરી શકાય છે તે કાલિક સૂત્ર છે. કાલિક સૂત્ર એટલે જે માં તીર્થંકર ભગવાનની વાણી સીધી તે જ રૂપે ગૂંથવામાં આવી હોય તેવા સૂત્ર. કલિક સૂત્ર ૨૩ છે.

૭) પાહુડ અને વક્ષસ્કાર આગમ શૈલી કયા આગમની છે ? **(૧)**

**જ:** ૭) ચંદ્ર પ્રજ્ઞપ્તિ - સૂર્યપ્રજ્ઞપ્તિ અને ભગવતી સૂત્ર

**પ્ર.:૨ શ્રી આચારાંગ સૂત્રના આધારે જવાબ લખો : ૫**

૧) ભગવાન શીત પરિષહને કેવી રીતે સહન કરતા હતા ? **(૨)**

**જ:** ૧) ભગવાન ઠંડીથી બચવાનો ક્યારે ય પ્રયત્ન કરતા ન હોતા. ક્યારેય ઠંડીથી બચવા વાયુરહિત સ્થાનની શોધ કે વસ્ત્ર પહેરવા, ઓઢવાનો કે આગ જલાવવાની ઇચ્છા પણ કરતાં ન હોતા. તેને બદલે જે મકાનમાં રહ્યા હોય ત્યાંથી બહાર નીકળી ઠંડીમાં જ સમભાવપૂર્વક ધ્યાનમાં રહ્યા હોય ત્યાંથી બહાર નીકળી ઠંડીમાં જ સમભાવપૂર્વક ધ્યાનમાં ઊભા રહી કાયોત્સર્ગ કરતા હતા. મૂહુર્ત પછી પાછાં મકાનમાં ચાલ્યા જતા.

૨) ભગવાને ગૃહસ્થાવાસમાં કેવી ત્યાગસાધના કરી હતી ? **(૧½)**

**જ:** ૨) ગૃહસ્થાવાસમાં ભગવાને સચેત પાણીનો ઉપયોગ કર્યો નહિ તથા એકત્વભાવમાં ઓતપ્રોત થઈ ક્રોધકષાયને શાંત કરી, શાંત ઇન્દ્રિયવાળા બની ગયા હતા. અર્થાત્ ઇન્દ્રિયોને જીતીને ભગવાને સાવધ (હિંસક) પ્રવૃત્તિઓનો ત્યાગ કરી દીધો હતો.

૩) ભગવાન મહાવીર સ્વામી .......... અર્થાત્ .......... તિર્ચ્છાક્ષેત્રમાં દૃષ્ટિ રાખીને .......... પૂર્વક ચાલતા હતા. **(૧½)**

**જ:** ૩) ભગવાન મહાવીર સ્વામી પુરુષ પરિમાણ અર્થાત ધૂંસરી પરિમાણ તિર્ચ્છાક્ષેત્રમાં દૃષ્ટિ રાખીને ઇરિયાસમિતી પૂર્વક ચાલતા હતા.

**પ્ર.: ૩ શ્રી ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો : ૧૦**

૧) સનતકુમાર દેવલોકના દેવની ઉત્કૃષ્ટ અવગાહના .......... હાથ, પ્રાણતના દેવની ઉત્કૃષ્ટ અવગાહના .......... હાથ, વિજય વિમાનના દેવની .......... હાથ અને સુમાણસે દેવલોકના દેવની .......... હાથ હોય છે. **(૨)**

**જ:** ૧) સનતકુમાર દેવલોકના દેવની ઉત્કૃષ્ટ અવગાહના ૬ હાથ, પ્રાણતના દેવની ઉત્કૃષ્ટ અવગાહના ૩ હાથ, વિજય વિમાનના દેવની ઉત્કૃષ્ટ અવગાહના ૧ હાથ અને સુમાણસેના દેવની ઉત્કૃષ્ટ અવગાહના ૨ હાથની હોય છે.

૨) સ્થિતિ કેટલા પ્રકારની છે તે સમજણ સાથે લખો : **(૨)**

**જ:** ૨) સ્થિતિ બે પ્રકારની કહી છે. ૧) કાયસ્થિતિ - એક જ કાયમાં નિરંતર જન્મ લેવાની સ્થિતિ.
૨) ભવસ્થિતિ - એક જ ભવની કાળમર્યાદા.
બે પ્રકારના જીવોની કાયસ્થિતિ કહી છે - મનુષ્ય અને તિર્યંચની
બે પ્રકારના જીવોની ભવસ્થિતિ કહી છે - દેવ અને નારકીની

૩) ભરતક્ષેત્રના વૈતાઢ્ય ક્ષેત્રમાં કઈ કઈ ગુફાઓ આવેલી છે અને તેમાં કયા કયા દેવો રહે છે ? અનાદૃત દેવ કેવા છે અને તેની સ્થિતિ લખો. **(૨)**

**જ:** ૩) ભરતક્ષેત્રના વૈતાઢ્ય પર્વતમાં બે ગુફા કહી છે. તમિસ્ત્રા અને ખંડપ્રપાત અને અનુક્રમે તેમાં કૃતમાલક દેવ અને નૃતમાલક દેવ રહે છે.

૪) કેવળી આરાધનાની વ્યાખ્યા લખો, તેના પ્રકાર લખો. **(૨)**

**જ:** ૪) કેવળી આરાધના બે પ્રકારની કહી છે ૧) અંતક્રિયારૂપ ૨) કલ્પ - વિમાનોમાં ઉત્પન્ન થવાવાળાની. શ્રુત, અવધિ, મન: પર્યંત- તે કેવળીની આરાધના

૫) કયા જીવોમાં ઉપપાત જન્મ થાય છે ? કયા જીવોમાં ઉદ્‌વર્તન થાય છે ? **(૨)**
બંને પ્રકારના જન્મ વ્યાખ્યા સહિત સમજાવો.

**જ:** ૫) દેવો અને નારકીમાં ઉપપાત જન્મ થાય છે. નારકી અને ભવનપતિનું ઉદ્‌વર્તન થાય છે.

**પ્ર.: ૪ શ્રી જ્ઞાતાધર્મ કથા સૂત્રના આધારે જવાબ લખો : ૧૦**

૧) "રોહિણી જ્ઞાત"કયા સૂત્રની વાત છે ? તે કાલિક છે ? અંગ છે કે ઉપાંગ છે ? કેટલામું ? **(૨)**

**જ:** ૧) "રોહિણી જ્ઞાત" એ જ્ઞાતાધર્મકથા સૂત્રની વાત છે. તે કાલિક છે. અંગ છે અને તે છઠ્ઠું અંગસૂત્ર છે.

૨) કોણ કોને કહે છે તે લખો : **(૪)**

૧) "હે પુત્રી ! શું આ જ તે શાલિના દાણા છે કે બીજા છે ?"

**જ:** ૧) ધન્ય સાર્થવાહ તેની પુત્રવધુ ઉજ્ઝિકા ને કહે છે.

૨) "આ દાણા તે દાણા નથી, પણ બીજા છે."

**જ:** ૨) ઉજ્ઝિંકા તેના સસરા ધન્ય સાર્થવાહને કહે છે.

૩) "તે દાણાને શુદ્ધ વસ્ત્રમાં બાંધીને, રત્નની ડબ્બીમાં રાખીને તેની દરરોજ સાર-સંભાળ કરું છું."

**જ:** ૩) રક્ષિકાએ તેના સસરા ધન્ય સાર્થવાહને કહ્યું

૪) "આપ મને ઘણાં ગાડાં-ગાડી આપો જેથી હું પાંચ દાણા કમોદના લઈ આવું."

**જ:** ૪) રોહિણીએ તેના સસરા ધન્ય સાર્થવાહને કહ્યું.

૩) ધન્નાએ ભાગવતીને શું કામ સોંપ્યું ? કેમ ? **(૨)**

**જ:** ૩) ધન્નાએ ભાગવતીને ખાંડવાનું, કૂટવાનું, દળવાનું, ધાન્યના ફોતરાં દૂર કરવાનું, કઠોળની દાળ બનાવવાનું, રાંધવાનું, પીરસવાનું, દાસીનું અને રસોયાણીનું કામ સોંપ્યું. કારણ કે ધન્નાએ આપેલા પાંચ ચોખાના દાણા તે ખાઈ ગઈ હતી.

૪) ક્ષમા આદિ ગુણોની વૃદ્ધિ કેવી રીતે થાય છે ? **(૨)**

**જ:** ૪) જે સાધુ સાધ્વી ક્ષમાથી યાવત્ બ્રહ્મચર્ય સુધીના ૧૦ યતિધર્મોથી અધિક થાય છે, ક્રમશઃ તે ગુણોની જ આરાધનાથી અધિકતર થાય છે તેમના ક્ષમા આદિ ગુણોની વૃદ્ધિ થાય છે.

**પ્ર.: ૫ શ્રી ઉપાસક દશાંગ સૂત્રના આધારે જવાબ લખો : ૨૦**

**ક)** ૧) જિતશત્રુ રાજાએ ભગવાનની કાયિક, વાચિક અને માનસિક પર્યુપાસના કઈ રીતે કરી ? **(૩)**

**જ:** ૧) જિતશત્રુ રાજાએ ભગવાનની સન્મુખ આવી, તેમને ત્રણ આદક્ષિણા પ્રદક્ષિણા કરી, વંદન નમસ્કાર કર્યા. પછી કાયિક પર્યુપાસનારૂપે હાથ પગને સંકુચિત કર્યા. વાચિક પર્યુપાસનરૂપે ભગવાન જે બોલતાં તેને ''આ જ તથ્ય છે. સત્ય છે, સંદેહરહિત છે, આ જ ઇચ્છિત છે, આ જ સ્વીકૃત છે એવું બોલતા રહ્યા. માનસિક પર્યુપાસનારૂપે પોતાનામાં અત્યંત સંવેગ, મુમુક્ષુભાવ ઉત્પન્ન કરી તીવ્ર ધર્મ અનુરાગથી અનુરક્ત બન્યા.

૨) ઉપભોગ-પરિભોગ વ્રતમાં આનંદ શ્રાવકે પાણી, શાક અને મુખવાસની મર્યાદા શું કરી ? **(૩)**

**જ:** ૨) ઉપભોગ-પરિભોગ વ્રતમાં આનંદ શ્રાવકે ૧) પાણીમાં એક વરસાદના પાણી સિવાય બાકીના બધાં પાણીનો ત્યાગ કર્યો. ૨) શાકમાં બથવાની ભાજી, સુવા, પાલખ, ભીંડો અને દૂધી સિવાય બીજાં શાકનો ત્યાગ કર્યો. ૩) મુખવાસમાં એલચી, લવિંગ, કપૂર, કંકોળ અને જાયફળ સિવાય બાકીના બધાં પ્રકારના મુખવાસનો ત્યાગ કર્યો.

૩) ઔષ્ટ્રિક એટલે શું ? **(૧)**

**જ:** ૩) ઔષ્ટ્રિક એટલે ઊંટ આકારનો ઘડો જેનું મુખ ઊંટ જેવું સાંકડુ, ડોક લાંબી અને આકાર મોટો હોય.

૪) આનંદ શ્રાવકને કેટલું અવધિજ્ઞાન થયું હતું ? **(૩)**

**જ:** ૪) આનંદ શ્રાવક પૂર્વ - દક્ષિણ - પશ્ચિમ દિશામાં લવણસમુદ્રમાં ૫૦૦ યોજન સુધીના ક્ષેત્રને, ઉત્તરદિશામાં ચુલ્લહિમવંત પર્વત સુધીના ક્ષેત્રને, ઉર્ધ્વદિશામાં સૌધર્મ દેવલોક સુધી અને નીચી દિશામાં રત્નપ્રભા પૃથ્વીના ૮૪ હજારવર્ષની સ્થિતિવાળા લોલુપાચ્યુત નરકાવાસ સુધી જાણી અને જોઈ શકે તેટલું અવધિજ્ઞાન થયું હતું.

**ખ) શ્રી અંતગડદશાંગ સૂત્રના આધારે જવાબ લખો :**

૧) દ્વારિકા નગરીમાં .......... દશાર્હ, .......... મહાવીર, .......... કુમારો અને .......... શૂરવીર હતા, તથા ઉગ્રસેન આદિ .......... રાજા હતા. રૂકિમણી આદિ .......... રાણીઓ હતી. **(૩)**

**જ :** ૧) દ્વારિકા નગરીમાં ૧૦ દશાર્હ, ૫ મહાવીર, સાડાત્રણ કરોડ કુમારો અને ૬૦ હજાર શૂરવીર હતા, તથા ઉગ્રસેન આદિ ૧૬ હજાર રાજા હતા. રૂકિમણી આદિ ૧૬ હજાર રાણીઓ હતી.

૨) ગૌતમ અણગારે કેટલી ભિક્ષુ પ્રતિમા પૂર્ણ કરી ? પછી કયા તપની કેટલી પરિપાટી કરી ? ગૌતમકુમાર આ તપ દરમ્યાન દિવસે અને રાત્રે કઈ આરાધના કરતા હતા ? **(૨)**

**જ :** ૨) ગૌતમ કુમારે ૧ મહિનાની ભિક્ષુ પ્રતિમાથી માંડીને ૧૨ ભિક્ષુની પડિમા વારાફરતી ગ્રહણ કરીને પૂરી કરી. તથા ગુણરત્ન સંવત્સર તપની એક પરિપાટી કરી. તપ દરમ્યાન દિવસે ઉકડુ આસને સૂર્યની આતાપના લેતા અને રાત્રે વીરાસને સ્થિર રહેતા.

**ગ) શ્રી અનુત્તરોવાઈ સૂત્રના આધારે જવાબ લખો :**

૧) જાલિકુમાર એ અધિકાર કયા સૂત્રનો છે ? તે અંગ છે કે ઉપાંગ ? તેમાં વર્ગ કેટલા છે ? પહેલા વર્ગમાં કેટલા અધ્યયન છે ? જાલિકુમારએ અધ્યયન કેટલામું છે ? **(૩)**

**જ :** ૧) જાલિકુમાર એ અનુત્તરોપપાતિક સૂત્રનો અધિકાર છે અને તે નવમુ અંગ છે. તેમાં ૩ વર્ગ છે. ૧લા વર્ગમાં ૧૦ અધ્યયન છે. જાલિકુમારનું અધ્યયન ૧લું જ છે.

૨) જાલિકુમારના માતા-પિતા કોણ હતાં ? તેઓ કઈ નગરીમાં રહેતાં હતાં ? તેમના કયા ભાઈએ દીક્ષા લીધી ? **(૨)**

**જ :** ૨) જાલિકુમારના પિતા શ્રેણિક રાજા અને માતા ધારિણી હતાં. તેઓ રાજગૃહ નગરીમાં રહેતા હતા. તેમના ભાઈ મેઘકુમારે દીક્ષા લીધી હતી.

**પ્ર. : ૬ શ્રી દશવૈકાલિક સૂત્ર અને પુચ્છિંસ્સુણંના આધારે જવાબ લખો :**
**(કોઈ પણ પાંચ) ભાવાર્થ સાથે ગાથા લખો. ૧૫**

૧) વયં ચ વિત્તીં ..........

**જ :** ૧) વયં ચ વિત્તીં લબ્ભામો, ન ય કોઈ ઉવહમ્મઈ ।
અહાગડેસુ રીયંતે, પુપ્ફેસુ ભમરા જહા ।।
જેમ ભમરો વૃક્ષોનાં કુલોમાંથી તેને પીડા પહોંચાડયા વગર રસ પીએ છે. તેમ અમે સાધુપણ ગૃહસ્થોએ પોતાના માટે બનાવેલા આહારમાંથી એવી રીતે ભિક્ષા લેશુ કે જેથી કોઈ પણ જીવની વિરાધના ન થાય અને દેનાર ગૃહસ્થને પણ દુઃખ ન થાય.

૨) આયાવયાહિ ..........

**જ :** ૨) આયાવયાહિ ચય સોગમલ્લં, કામે કમાહિ કમિયં ખુ દુક્ખં ।
છિંદાહિ દોસં વિણએજ્જ રાગં, એવં સુહી હોહિસી સંપરાએ ।।
મનને વશ કરવા હે શિષ્ય ! ''તું આતાપના લે, સુકુમારપણાને છોડ, એમ કામવાસનાને ઓળંગી જા. અર્થાત્ ઉપશમાવી દે. નહિતર તો ખરેખર આ લોક અને પરલોકમાં દુઃખી થઈશ. દ્વેષને છેદ. રાગને દૂર કર, એમ કરવાથી સંસારમાં સુખી થઈશ.

૩) આયાવયંતિ ..........

**જ :** ૩) આયાવયંતિ ગિમ્હેસુ, હેમંતેસુ અવાઉડા ।
વાસાસુ પડિસંલીણા, સંજયા સુસમાહિયા ।।
તે સંયમી સાધુઓ ઉનાળાના પ્રખર તાપમાં સૂર્યની આતાપના લે છે. શિયાળામાં નિર્વસ્ત્ર રહી ઠંડી સહન કરે છે. ચોમાસામાં એક સ્થળે (જ્ઞાનધ્યાનમાં) સમાધિથી રહે છે.

૪) સે વીરિએણં ..........

**જ: ૪) સે વીરિએણં પડિપુન્ન વીરિએ, સુદંસણે વા ણસવ્વસેટ્ઠે ।**
સુરાલએ વાસિ મુદ્યગરે સે, વિરાયએ ણેગગુણોવવેએ ।।
તે ભગવાન બળે કરી પ્રતિપૂર્ણ બળવાન હતા. પર્વતોમાં સર્વશ્રેષ્ઠ મેરુ સમાન સર્વોત્તમ હતા. દેવલોકમાં રહેનારા દેવોને મેરુપર્વત હર્ષ ઉત્પન્ન કરાવનાર છે. તેમ ભગવાન પણ અનેક ગુણોથી યુક્ત હોવાથી તેમની પાસે આવનારા માટે હર્ષ ઉત્પન્ન કરાવનાર હતા.

૫) મહિએ ..........

**જ: ૫) મહિએ મજ્ઝંમિ ઠિએ નગિંદે, પણ્ણાયતે સુરીએ સુધ્ધલેસે ।**
એવં સિરિએ ઉસ ભૂરિવણ્ણે, મણોરમે જોયઈ અચ્ચિમાલી ।।
પૃથ્વીના મધ્ય ભાગમાં સ્થિત સર્વ પર્વતોનો ઇન્દ્ર, મેરુપર્વત સૂર્યની જેમ શુધ્ધ કાંતિવાળો પ્રતીત થાય છે. એ જ રીતે પોતાની શોભાથી અનેક પ્રકારનાં રત્નોના વર્ણોએ કરી મનને આનંદ આપે છે અને સૂર્યની જેમ સર્વ દિશાઓને પ્રકાશિત કરે છે.

૬) થણિયં ..........

**જ: ૬) થણિયં વ સદ્દાણ અણુત્તરે ઉ, ચંદો વ તારણ મહાણુભાવે ।**
ગંધેસુ વા ચંદણમાહુ સેટ્ઠં એવં મુણીણં અપડિણ્ણમાહુ ।।
જેમ શબ્દમા મેઘગર્જના, તારાઓમાં ચંદ્ર અને સુગંધમાં ચંદન શ્રેષ્ઠ છે તેમ મુનિઓમાં લોક-પરલોકની આકાંક્ષારહિત શ્રમણ ભગવાન મહાવીર શ્રેષ્ઠ હતા.

**પ્ર.: ૭ શ્રી ભગવતી સૂત્રના આધારે જવાબ લખો : ૧૦**

૧) સાધુ ૬૦ દિવસ સંયમ પાળે તો કોનું સુખ ઉલ્લંઘી જાય ? **(૨)**
સનત્કુમારના દેવનું સુખ ઉલ્લંઘવા કેટલો સંયમ પાળવો જરૂરી છે ?

**જ: ૧) જે સાધુ ૬૦ દિવસ શુધ્ધ સંયમ પાળે તો નવનિકાય (નાગકુમાર આદિ ભવનપતિ) ના દેવનું સુખ ઉલ્લંઘી જાય.**
સનત્કુમારના દેવનું સુખ ઉલ્લંઘવા ૭ માસનો સંયમ પાળવો જરૂરી છે.

૨) ભગવાને સાધુમાં સુખને દેવના સુખની સાથે કેમ સરખાવ્યા છે ? **(૨)**

**જ: ૨) ચારે ય ગતિમાં સામાન્ય રીતે ભૌતિક સુખની અપેક્ષાએ દેવો સૌથી વધુ સુખી ગણાય છે. પરંતુ સાધુના સુખ તો મોહનીયના વિજયથી મળતાં આત્મિક સુખ છે. તે દેવોના સુખો કરતાં પણ વધુ અનુત્તર, અનુપમ છે તે દર્શાવવા સાધુના સુખને દેવોના સુખ સાથે સરખાવ્યા છે.**

૩) ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ ઇન્દ્રિયરહિત ઉત્પન્ન થાય છે ઇન્દ્રિય સહિત તે સમજાવીને લખો. **(૨)**

**જ: ૩) દ્રવ્યેન્દ્રિય ૮ કાન, આંખ, નાક, જીભ અને સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ જીવ ઇન્દ્રિયરહિત ઉત્પન્ન થાય છે. કારણ કે દ્રવ્યેન્દ્રિયો શરીર સાથે સંબંધ રાખે છે અને ભાવેન્દ્રિયોની અપેક્ષા ઇન્દ્રિયો સહિત ઉત્પન્ન થાય છે.**

૪) ગર્ભમાં રહેલો જીવ કયા કારણથી દેવલોકમાં ઉત્પન્ન થાય છે ? **(૨)**

**જ: ૪) ગર્ભમાં રહેલો સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તો જીવ તથા રૂપના શ્રમણ સાધુ પાસે એક પણ ધર્મવચન - આર્યવચન સાંભળીને પરમ સંવેગની શ્રધ્ધા અને ધર્મ પર તીવ્ર પ્રેમ હોવાથી ધર્મ, પુણ્ય, સ્વર્ગ, મોક્ષનો અભિલાષી, શુધ્ધ ચિત્ત, મન, લેશ્યા અધ્યવસાયમાં કાળ કરે તો તે ગર્ભસ્થ જીવ મરીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે.**

૫) પ્રથમ સમયે લીધેલો ઓજ આહાર સંતાનના શરીરમાં કયાં સુધી રહે છે ? **(૨)**

જ: ૫) પ્રથમ સમયે લી ધેલો ઓજ આહાર જ્યાં સુધી જીવનું ભવધારિણીય શરીર રહે છે ત્યાં સુધી રહે છે. સમય પસાર થતાં તે ક્ષીણ થતું જાય છે. પરંતુ આયુષ્ય સમાપ્ત થવા સુધી ઓજ આહારનો એટલે કે માતાપિતાનો કોઈ ને કોઈ અંશ તો રહે જ છે.

પ્ર.:૮ શ્રી પ્રજ્ઞાપના સૂત્રના આધારે જવાબ લખો : ૧૦

૧) જઘન્ય ૨૪ પક્ષે તથા ઉત્કૃષ્ટ ૧૮ પક્ષે કયા કયા જીવો શ્વાસ લે છે ? **(૧)**

જ: ૧) જઘન્ય ૨૪ પક્ષે ત્રીજી ગ્રૈવેયકના દેવો શ્વાસ લે છે.
ઉત્કૃષ્ટ ૧૮ પક્ષે આઠમા દેવલોકના દેવો શ્વાસ લે છે.

૨) લોભ સંજ્ઞા કેટલા અને કયા કારણથી ઉપજે છે તે સમજાવો. **(૨)**

જ: ૨) લોભ સંજ્ઞા ચાર કારણથી ઉપજે છે. ૧) ક્ષેત્ર :- ખુલ્લી જમીન દા. ત. વાડી, ખેતર, બગીચા, વાડા વગેરે માટે ૨) વત્થુ :- ઢાંકેલા મકાન આદિ દા. ત. ઘર, દુકાન, વખાર, ગોદામ વગેરે માટે ૩) શરીર માટે તથા ૪) ઉપધિ :- ધનધાન્ય, ઔષધિ વગેરેના કારણથી લોભ સંજ્ઞા ઉપજે છે.

૩) નારકીમાં આહાર વગેરે ચારેય સંજ્ઞાનો અલ્પબહુત્વ લખો. **(૨)**

જ: ૩) નારકીમાં સૌથી થોડી મૈથુનસંજ્ઞા, તેથી આહારસંજ્ઞા સંખ્યાતગુણી,
તેથી પરિગ્રહસંજ્ઞા સંખ્યાતગુણી, તેથી ભયસંજ્ઞા સંખ્યાતગુણી.
યાદ રાખવા માટે (૩, ૧, ૪, ૨) (પ્રફુલ્લ)

૪) મનુષ્યમાં ક્રોધ વગેરે ચારેય સંજ્ઞાનો અલ્પબહુત્વ લખો. (૨)

જ: ૪) મનુષ્યમાં સૌથી થોડી માયા. તેથી લોભ વિશેષાધિક,
તેથી ક્રોધ વિશેષાધિક, તેથી માન વિશેષાધિક. યાદ રાખવા માટે (૩, ૧, ૪, ૨)

૫) જીવ કેટલા અને કયા કયા પ્રકારની વેદના વેદે છે ? **(૩)**
વેદના કેટલાં દંડકના જીવોને હોય ? અનિદા વેદના એટલે શું ?

જ: ૫) જીવ ૭ પ્રકારની વેદના વેદે છે. શીત, દ્રવ્ય, શરીર, શાતા, દુઃખ, અભ્ભૂગમિયા અને નિદાવેદના. તેમાંથી શાતાવેદના ચોવીસેય દંડકના જીવોને હોય છે. ચિત્તના ઉપયોગ રહિત વેદાતી અવ્યક્ત વેદના - મિથ્યાદ્દષ્ટિ દ્વાર વેદાતી વેદના.

પ્ર.:૯ આગમ પરંપરાના આધારે જવાબ લખો : ૫

૧) વીર નિર્વાણ પછી કયા કયા આચાર્યો શ્રુતકેવલીપણે વિચર્યા ? **(૨)**

જ: ૧) વીર નિર્વાણ પછી આચાર્ય પ્રભવસ્વામી, આચાર્ય શય્યંભવ સ્વામી, આચાર્ય યશોભદ્ર સ્વામી, આચાર્ય સંભૂતિ વિજય સ્વામી, આચાર્ય ભદ્રબાહુ સ્વામી શ્રુતકેવલીપણે વિચર્યા.

૨) ૧૪ પૂર્વના કર્તા કોણ છે ? પ્રથમ ૪ પૂર્વના નામ લખો. **(૩)**
૧ પૂર્વ લખવા કેટલી શાહી જોઈએ ? ત્રીજા પૂર્વની પદ સંખ્યા લખો.

જ: ૨) ૧૪ પૂર્વના કર્તા છે પાંચમા ગણધર શ્રી સુધર્મા સ્વામી.
પ્રથમ ૪ પૂર્વના નામ : ઉત્પાદ પૂર્વ, અગ્રણીય પૂર્વ, વીર્ય પૂર્વ, અસ્તિનાસ્તિ પૂર્વ
૧ પૂર્વ લખવા અંબાડી સહિતના હાથી જેટલી કોરી શાહીનો ઢગલો જોઈએ. ત્રીજા પૂર્વના ૭૦ લાખ પદ છે.

|| જય જિનેન્દ્ર ||